| | |
|---|---|
| દાખલ તારીખ. | ૧૫–૦૬–૨૦૨૩ |
| રજીસ્ટરે લીધા તારીખ. | ૧૫–૦૬–૨૦૨૩ |
| ફેંસલ તારીખ. | ૧૭–૦૮–૨૦૨૬ |
| સમય ગાળો. | વર્ષ : માસ : દિવસ.<br>૦૩ – ૦૨ – ૦૨ |

## વલસાડ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ – વલસાડ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રીમીનલ કેસ નંબર. | ► | ૨૮૫૯–૨૩ | આંક. | ► | ૨૯ |

| ફરીયાદી. | | આરોપી. |
|---|---|---|
| શ્રી. સરકાર. | વિરૂધ્ધ | ભરતભાઈ કરણાભાઈ ગોજીયા,<br>રહે. સુતારીયા ગામ,મેઈન બજાર ડાબી બાજુ નિશાળ પાસે,તા.ખંભાળીયા,જી.દેવભુમિ દ્વારકા. |

| | | |
|---|---|---|
| ગુન્હો. | ⇨ | પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ,૯૮(૨), ૧૧૬(ખ) મુજબ |

| | | |
|---|---|---|
| ફરીયાદ પક્ષ... તરફે. | વિ.એ.પી.પી.શ્રી | આઇ.કે.વ્હોરા |
| આરોપીપક્ષ... તરફે. | વિ.વકીલ શ્રી. | બી.બી.યાદવ |

### ◀◀ ઠ રા વ ▶▶

(૧).. આ કામની ફરીયાદની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે મોજે પારનેરા, ને.હા.નં.૪૮,સુગર ઓવરબ્રીજ ઉતરતા,હાઈવે રોડની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં આરોપી પોતાના કબ્જાની મહિન્દ્રા XUV ૫૦૦ કાર નં. જીજે–૦૧–આરપી કિં.રૂ.૫,૦૦,૦૦૦/– નીમાં ગે.કા.રીતે વગર પાસપરમીટ ભારતીય બનાવટના વિદેશી દારૂની વ્હીસ્કી બાટલી નંગ–૧૬૮ (૧૨૬ લીટર) કુલ કિં.રૂ. ૧,૨૦,૦૦૦/– તથા મોબાઈલ ફોન નં.૦૧ કિં.રૂ. ૫૦૦/– મળી કુલે કિં.રૂ. ૬,૨૦,૫૦૦/– નો મુદ્દામાલ વગર પાસ પરમીટે પ્રોહી ગેરકાયેદસરની રાખી,ગુનાહીત કૃત્ય કરેલાની ફરીયાદ ફરીયાદીએ વલસાડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી.

(૨).. આરોપીને ધોરણસર સમન્સ ની બજવણી થતાં તેઓ તેમના વિ.વકીલશ્રી મારફત નામદાર કોર્ટ માં હાજર થયેલા અને તેઓને ગુન્હો કબુલ ન હોવાના કારણે તેમના ઉપર આંક:૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ, જેમાં તેઓએ આંક:૦૪ થી લેખિત નિવેદન આપી તેઓને ગુન્હો કબુલ ન હોવાનું નિવેદન જણાવેલ જેથી હાલ ના કેસ ની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ.

(૩).. ફરીયાદપક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| અ.નં. | સાહેદનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી યોગેશભાઈ કાંતીલાલની જુબાની | ૦૯ |
| ૨. | પંચ કિશોરભાઈ ખુલાશભાઈ ચૌહાણની જુબાની | ૧૧ |
| ૩. | પંચ સંદિપસીંહ કુલદીપસીંહની જુબાની | ૧૩ |
| ૪. | ત.ક.અ.જીતેન્દ્રભાઈ વજીરભાઈ માહલાની જુબાની | ૨૨ |
| ૫. | ત.ક.અ.અમીરાજસીંહ જસુભા રાણાની જુબાની | ૨૪ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| અ.નં. | દસ્તાવેજનુ નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | પંચનામું | ૧૨ |
| ૩. | એફ.એસ.એલ.રીપોર્ટ | ૨૫ |

(૪).. ત્યારબાદ ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદ પક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે. જ્યારે આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા ૨૦૨૩ ની કલમ-૩૫૧ મુજબનું વિશેષ નિવેદન લેવા યોગ્ય પુરાવો હોય આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે. જેમાં તેઓ સામે ખોટો કેસ કરેલ હોવાનો બચાવ લીધેલ છે તેમજ સોગંદ ઉપર પુરાવો આપવો નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે. ત્યારબાદ

ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫).. આ કામે બંન્ને પક્ષકારોની રજુઆતો તથા રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં હાલના કેસના ન્યાયિક નિકાલ અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા છે.

*((**<u>મુદા</u>**))*

(૧). શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૧૪/૧૨/૨૦૨૨ ના રોજ કલાક ૨૧/૦૦ વાગે મોજે પારનેરા, ને.હા.નં.૪૮,સુગર ઓવરબ્રીજ ઉતરતા,હાઈવે રોડની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં આરોપી પોતાના કબ્જાની મહિન્દ્રા XUV ૫૦૦ કાર નં. જીજે-૦૧-આરપી કિં.રૂ.૫,૦૦,૦૦૦/- નીમાં ગે.કા.રીતે વગર પાસપરમીટ ભારતીય બનાવટના વિદેશી દારૂની વ્હીસ્કી બાટલી નંગ-૧૬૮ (૧૨૬ લીટર) કુલ કિં.રૂ. ૧,૨૦,૦૦૦/- તથા મોબાઈલ ફોન નં.૦૧ કિં.રૂ. ૫૦૦/- મળી કુલ્લે કિં.રૂ. ૬,૨૦,૫૦૦/- ગેરકાયેદસરની રાખી ગુનો કરી, પ્રોહી. એકટની કલમ-૬૫એઇ,૯૮(૨),૧૧૬(બી) મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલ છે?

(૨). આખરી હુકમ શું ?

(૬).. ઉપરોક્ત મુદ્દાઓના નિર્ણયો તેના કારણો સાથે નીચે મુજબ છે.

મુદ્દા નંબર (૧) નકારમાં.

મુદ્દા નંબર (૨) આખરી હુકમ મુજબ.

◀ <u>કારણો</u> ▶

**<u>મુદ્દા નંબર–૧</u> :–**

(૭).. ફરિયાદપક્ષના કેસની હકીકત કે જે પેરા–૧ માં જણાવેલ છે તેની સાબિતી માટે જોવામાં આવે તો હાલના કામે મુદ્દામાલ દારૂ જે પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબજે કરેલ તે પંચનામાના પંચ સાહેદ કિશોરભાઈ ખુલાશભાઈ ચૌહાણને આંક–૧૧ થી તથા પંચ સાહેદ સંદિપસિંહ કુલદિપસિંહ સનેને આંક–૧૩ થી તપાસતા આ બંન્ને પંચ સાહેદોએ આંક–૧૨ થી રજુ પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે, પરંતુ તે સિવાયની પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને આરોપીપક્ષ દ્વારા પંચ સાહેદોની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.

(૮).. આ કામે આંક–૦૯ થી ફરીયાદી યોગેશભાઈ કાન્તીલાલને સોગંદ ઉપર તપાસેલ છે અને તેઓનો સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે તો,તા. ૧૪/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ તથા સ્ટાફના માણસો પ્રોહી. પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન મોજે પારનેરા ને.હા.નં.૪૮ સુગર ઓવરબ્રીજ ઉતરતા બાજુમાં આવેલ ખુલ્લા મેદનમાં તા.જી.વલસાડ ખાતે બાતમીવાળી સફેદ કલરની મહીન્દ્રા કાર આવતા તેને ઈશારો કરી ઉભી રાખેલ ત્યારે વાહન ચાલકે પુરઝડપે ચલાવી ચન્દ્રમોલેશ્વર મંદિર તરફ જતા નીચે ઉતારી પાડેલ ત્યારબાદ ચાલક નાસી ગયેલ સદર વાહનને ક્રેનથી ઉંચકીને વાહન એસપી કચેરી લાવી જુદી–જુદી બ્રાન્ડની વ્હીસ્કી તથા બીયર બોટલ નંગ–૧૬૮ કિ. રૂ.૧,૨૦,૦૦૦/– નો વગર પાસ પરમીટનો દારૂ મળી આવેલ વાહનના રજી. ના આધારે વાહન માલિક ભરતભાઈ કરણભાઈ ગુજીય રહે. સુતરીયા હોવાનું જણાઈ આવેલ બનાવ અંગે તેઓએ ફરિયાદ આપેલી.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ વાળી જગ્યા વસ્તી વાળો વિસ્તાર છે જેથી માણસો તેમજ વાહનો ની સતત અવર જવર ચાલુ રહે છે. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, સ્થાનીક પંચોને પંચ તરીકે લેવામાં આવેલ નથી તેમજ ગુનાવાળી જગ્યાની

માલીકી બાબતે તેઓએ કોઈ તપાસ કરેલ નથી તેમજ કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૮.૧).. વધુમાં આ કામે આંક-૨૨ થી ત.ક.અમલદાર જીતેન્દ્રભાઈ વજીરભાઈ માહલાએ સોગંદ ઉપર પુરાવો આપી જણાવેલ છે કે,તા ૧૪/૧૨/૨૦૨૨ ના રોજ વલસાડ જિલ્લામાં પ્રોહી. જુગારની ગે.કા. પ્રવૃત્તિ નેસ્તનાબુદ કરવા અંગે પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ નાઓની સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેકટરશ્રી, એલ.સી.બી. વલસાડ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન ફરતા ફરતા પારનેરા, સુગર ઓવરબ્રીજ પાસે આવતાં સાથેના અ.પો.કો. યોગેશભાઈ કાંતિલાલ રાઠોડને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે, એક સફેદ કલરની મહીન્સ XUV 500 કાર નં.GJ-01-RP-0092 નીમાં તેનો ચાલક ઇંગ્લીસ દારૂનો જથ્થો ભરી વાપી તરફથી નીકળેલ છે અને નેહા નં.૪૮ ઉપર થઈ સુરત તરફ જનાર છે. તે દરમ્યાન થોડીવારે ઉપરોકત બાતમી હકિકતવાળી સફેદ કલરની મહીન્દ્રા XUV 500 કાર નં.GJ 01-RP-0092 ની પુઝડપે પસાર થઇ જતાં સદર કારને રોકવા માટે તેમના ખાનગી વાહનમાં તેઓ પોલીસ સ્ટાફ તથા સાથેના પંચોના માણસો સાથે તુરત જ રવાના થઈ સદર કારનો પીછો કરી સદરહુ કારને ધરમપુર ચોકડી ઓવરબ્રીજ ઉપર ઓવરટેક કરી સાથેના અપોકો નીતીન બાબુલાલ ચૌધરી ચાલુ ગાડીમાંથી સરકારી લાકડી તથા પોલીસનું બોર્ડ બતાવી કાર રોકવા ઈશારો કરતા કાર ચાલકે ઓવરબ્રીજ ઉપરથી જ તેની કાર યુ ટર્ન મારી બીજ ઉપર રોગ સાઇડમાં નાસવા લાગેલ અને હાઈવે ઉપર મુંબઇ થી સુરત તરફ જતા વાહનોનો ટ્રાફિક વધારે હોય જેથી બ્રીજ ઉપર યુટર્ન મારી સદરહુ કારનો પીછો કરવો ભયજનક હોય જેથી તેઓએ તુરત જ ધરમપુર ચોકડી બ્રીજ ઉતરી સર્વિસ રોડ ઉપર થઈ ધરમપુર ચોકડી બ્રીજ નીચે ચાર રસ્તા પર આવી બ્રીજ નીચે થઈને વાપી તરફ જવા માટેના સર્વિસ રોડ ઉપર થઇ વાપી તરફના રસ્તે ઝડપથી કાર હંકારી સદર કારની તપાસ કરતાં સુંદર કાર રોંગ સાઇડમાં વાપી તરફ તેની કાર હંકારી જતો હોય તેનો સામેની સાઇડથી પીછો ચાલુ રાખેલ અને સદર કાર ચાલકે વાંકી નદીનો પુલ ક્રોસ કરી આગળ જઈ

ચંદ્રમોલેશ્વર મંદિર તરફ જતા રસ્તે કાર નીચે વાળી લીધેલ અને આ વખતે ત્યાં આગળ વલસાડ રૂરલ પો.સ્ટે.મા ફરજ બજાવતા પો.કો. માધુભાઈ કનુભાઇ તથા બીજા પોલીસ માણસો રોડ ઉપર ઉભા હોય તેઓએ સદર કારનો પીછો કરેલ તે દરમ્યાન સુંદર મહિન્દ્રા XUV કાર ચાલકે તેની કાર હાઈવેને લગોલગ આવેલ ખુલ્લા મેદાનમાં આવેલ કાચા રસ્તે કાર હંકારી મુકેલ અને થોડે દુર જઈને ખુલ્લા મેદાનમાં આવેલ મોટા ખાડામાં કાર ઉતારી દીધેલ અને ઉભી રાખી દીધેલ. જેથી તેઓ વાપી તરફના ટ્રેક ઉપર હોય તેઓએ તેમનું વાહન ઉભું રાખી વાહનમાંથી તેઓ– પો.સ્ટાફ તથા પંચોના માણસો સાથે નીચે ઉતરી હાઈવે ક્રોસ કરી તુરત જ સદર કાર પાસે દોડી ગયેલા અને કારમાં અંદર જોતાં કાર ચાલક નાસી ગયેલ હતો અને કાર ચાલુ હાલતમાં હોય તેઓ કાર બંધ કરી ચાવી કાઢી લીધેલ તે વખતે વલસાડ રૂરલના પો.કો. માધુભાઇ કનુભાઈ ગોહીલ બ.નં.૫૫૯ નાઓ પણ સ્થળ ઉપર આવી ગયેલ હતા. ત્યારબાદ સદર કારમાં પંચો રૂબરૂ ઝડતી તપાસ કરતાં કારના વચ્ચેની સીટ તથા ડીકીના ભાગે બોક્ષમાં તથા હરો ભારતીય બનાવટનો ઇંગ્લીશ દારૂની બાટલીઓ ભરેલી મળી આવેલ. જેથી કાયદેસરની કાર્યવાહી કરવાની હોય અને સદર કાર મોજે પારનેરા, ને.હા.નં.૪૮, સુગર ઓવરબ્રીજ ઉતરતા, હાઈવે રોડની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં. તા.જી.વલસાડ ખાતે ખાડામાં ઉતરી ગયેલ હોય અને સદર કારમાં વિપુલ પ્રમાણમાં ઇંગ્લીશ દારૂનો જથ્થો છૂટો તથા બૌક્ષોમાં ભરેલો હોય અને સુંદર જગ્યા ને.હા.નં.૪૮ ની બાજુમાં હોય વાહનો તથા માણસોની અવરજવર હોય જેથી સદર જગ્યાએ બહાર કાઢી ગણતરી કરવું હિતાવહ ન હોય જેથી સરળતા ખાતર પ્રોહી. જથ્થો ભરેલ કારને પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ નાઓની કચેરીના કમ્પાઉન્ડમાં લઇ જવાનું હોય પરંતુ સદર કાર ખાડામાં ઉતરી ગયેલ હોય જેથી કારને ક્રેન વડે બહાર કાઢી ત્યારબાદ સદરહું કાર પોલીસ અધિક્ષકશ્રી, વલસાડ નાઓની કચેરીના કમ્પાઉન્ડમાં લાવેલ અને ત્યારબાદ પંચો રૂબરૂ સદર કારમાં ભરેલ ઇંગ્લીશ દારૂનો જથ્થો બહાર કાઢી ગણી જોતાં જે તે કંપનીના શીલ લેબલવાળો ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂની બાટલી નંગ–૧૬૮ (૧૨૬ લીટર) કિં.રૂ.૧,૨૦,૦૦૦/– મળી આવેલ છે. ભારતીય બનાવટની

ઇંગ્લીશ દારૂની વ્હીસ્કીની બોટલોમાંથી નમુના માટે બોડ વાઇઝ બે–બે બાટલીઓ કાઢી લઇ તેના બુચ ઉપર સાથેના પંચોની સહીવાળી કાગળની કાપલી દોરાથી બાંધી પંચનામાની વીગતે પ્રોહી. જથ્થો તપાસ અર્થે કબજે કરેલ છે. સદર પ્રોહી. જથ્થો વાહતુક કરવા ઉપયોગમાં લીધેલ વાહન પંચો રૂબરૂ જોતાં એક સફેદ કલરની મહીન્દ્રા XUV 500 કાર છે, જેનો આગળ પાછળની નંબર પ્લેટ ઉપર રજીસ્ટ્રેશન નં GJ–01–HP–0092 લખેલ છે જેનો ચેસીસ નંMAIYUZHHUG6A14597 તથા એન્જીન નં.HHG4A15582 નો છે, જેની કિ.રૂ.૫,૦૦,૦૦૦/– ગણી તથા સદર કારના ડ્રાઇવર સીટ નીચેથી એક મોબાઇલ ફોન મળી બાવેલ જે મોબાઇલ ફોન જોતાં એક તેવી બ્લ્યુ કલરની બોડીવાળો સેમસંગ કંપનીનો સાદો કીપેડવાળો મોબાઈલ ફોન છે. જેમાં VI કંપનીનું મો.નં.6758974876 છે. જેનો IMEI નં.356333093309354 – 356334093309352 નો છે. જેની કિ.રૂ.૫,૦૦/– ગણી તેમજ સદર કારમાંથી એક ફાસ્ટેગનું સ્ટીકર છુટુ મળી આવેલ છે. જેની ઉપર બારકોડ નીચે નં.607417–019–0954942 લખેલ છે. જેની કિં.રૂ.00/00 ગણી કુલ કિં.રૂ.૬,૨૦,૫૦૦/–નો મુદ્દામાલ અમોએ વિગતવારનું પંચનામુ કરી તપાસ અર્થે કબ્જે કરેલ છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓ પેટ્રોલીંગ પાર્ટીમા સામેલ હતા. એ હકિકતનો સ્વીકાર કરેલ છે કે, આ ગુના બાબતે તેમના સહકર્મીએ ફરીયાદ આપેલી તેમજ આ બનાવ એન એચ ૪૮ ઉપર થયેલ હતો અને ત્યા સતત વાહનોની અવરજવર ચાલુ રહેતી હોય છે તેમજ અમે જે ખાનગી વાહનમાં પેટ્રોલીંગ માં ગયા હતા તે વાહનનો નંબર કે પ્રકાર તેમના સહકર્મીએ ફરીયાદમાં જણવેલ નથી તેમજ આ કામના પંચો બનાવવાળા સ્થળ થી ૧૫ કીમી દુર ના પંચો હતા તેમજ આ કામના પંચો એ પોલીસ ના રેગ્યુલર પંચો છે અને અવારનવાર પ્રોહી ના કેસમાં પંચો તરીકે રહેતા હોઇ છે તેમજ મુદ્દામાલા વાહન બનાવ સ્થળથી પોલીસ અધિક્ષકના કમ્પાઉન્ડમાં ખસેડવા અંગેનુ સ્થળાંતર પંચનામુ કરવામાં આવેલુ નથી તેમજ આ કામના આરોપીની સ્થળ પરથી અટક કરવામાં આવેલી નથી.

(૮.૨).. વધુમાં આ કામે આંક–૨૪ થી ત.ક.અમલદાર અમીરાજસીંહ જસુભા રાણાએ સોગંદ ઉપર પુરાવો આપી જણાવેલ છે કે,તા ૧૪/૧૨/૨૦૨૨ ના રોજ તેઓ વલસાડ રૂરલ પો સ્ટેમાં તેમની ફરજ પર હાજર હતા ત્યારે પો સ્ટે અમલદાર અમિતાબેન કલપુભાઈ નાઓએ વલસાડ રૂરલ પો સ્ટે ગુ ર નં ૨૦૨૮/૨૦૨૬ પ્રોહી એક્ટની કલમ ૬૫ એઈ, ૯૮(૨), ૧૧૬(બી) મુજબની ફરિયાદ આવતા તે ફરિયાદ રજીસ્ટર્ડ કરી તેમના તરફે તપાસ અર્થે મોકલી આપેલ તપાસના કામે ફરિયાદ તથા પંચનામાનો વિગતવાર અભ્યાસ કરી લાગતા વળગત સાહેદોના નિવેદન લીધેલ અને પકડાયેલ પ્રોહિ મુદ્દામાલ એફ એસ એલમાં તપાસ અર્થે મોકલી આપેલ તપાસ ના કામે આરોપીની અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ એફ એસ એલ માંથી પ્રોહી મુદામાલ નો રીપોર્ટ આવતા તપાસના કામે સામેલ રાખેલ જે એફ એસ એલ સર્ટી ને નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા પડતા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ આરોપી નામદાર કોર્ટમાં હાજર છે જે તે જ છે.

બચાવ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, મુદ્દામાલ આરોપીના પ્રત્યક્ષ કબજામાથી મળેલ નથી તેમજ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.

(૯).. આમ, ફરિયાદપક્ષ દ્વારા રજુ કરવામાં આવેલ ઉપરોક્ત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો હાલના વિદેશીદારૂના કબજાના કેસમાં ફરિયાદપક્ષે પંચનામુ એ એક અગત્યનો દસ્તાવેજ છે. પરંતુ આ કામના મહત્વના પંચસાહેદો હોસ્ટાઈલ જાહેર થયેલા હોય તથા પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમની જુબાનીમાં પંચનામાની હકીકતો સાબિત થતી નથી. ફરિયાદપક્ષે રજુ કરેલ પુરાવાનુ ગુણ–દોષ ઉપર મુલ્યાંકન કરવામાં આવે તો આ કામમાં એ હકીકતની નોંધ લેવી ઘટે કે, બનાવસ્થળ જાહેર જગ્યા છે અને આજુબાજુ રહેણાકના મકાનો અને દુકાનો આવેલી છે. તેમ છતાં આ કામે તટસ્થ સાહેદોના નિવેદ લીધેલ નથી તેમજ વિદેશી દારૂની પ્રોડકટ કર્તાના કોઈ જવાબ લીધેલા નથી તેમજ આ કામે

મુદ્દામાલ વિદેશી દારુ જેમની રૂબરૂ કબજે કરેલ તેવા સ્વતંત્ર પંચ સાહેદો આરોપી પાસેથી કે આરોપીના કબજામાંથી મુદ્દામાલ કબજે કરેલ હોય તે હકીકતને સમર્થન કરેલ નથી. વધુમાં ફરીયાદમાં પંચોના નામ ઠામ જણાવેલ નથી. તેમજ ગુનાવાળી જગ્યા આરોપીની માલિકીની હોવા અંગે કોઇ પુરાવો રજુ કરેલ નથી ત્યારે મુદ્દામાલ મળી આવેલ જગ્યા હાલના આરોપીની માલિકીની જ હતી તે ફરીયાદ પક્ષના પુરાવાથી નિઃશંકપણે પુરવાર થતું નથી. જે રીતે ફરીયાદ પક્ષનો કેસ છે, તે પ્રમાણે કાયદાકીય રીતે મુદ્દામાલ આરોપીના સભાન, પ્રત્યક્ષ કે પરોક્ષ કબજામાં હોવાનું સાબિત થવું જોઇએ. એક વખત આરોપીનો કોઇપણ પ્રકારનો કબજો પ્રસ્થાપિત થયા પછી ધી બોમ્બે પ્રોહી એક્ટની કલમ– ૧૦૩ પ્રમાણે સાબિતીનો બોજો આરોપી ઉપર જાય. પરંતુ દલીલો ખાતર પણ પંચનામું સાબિત થયેલું માની લઇએ તો પણ આ કામે સદરહું મુદ્દામાલ આરોપી પાસેથી મળેલ હોય તેવો કોઇ ઠોસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે મુદ્દામાલ વિદેશી દારુ અંગે કોઇ વિશ્વસનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ કરી શકેલ નથી. વધુમાં આ કામે ત.ક.અમલદાર દ્વારા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લેવામાં આવેલ નથી. જેથી ફરીયાદ પક્ષના કેસમાં સ્વતંત્ર સાહેદોના પુરાવાનો અભાવ જોવા મળે છે. આમ, ઉપરોક્ત આપેલ તારણો અનુસાર ફરીયાદ પક્ષના કેસ ઉપર વાજબી શંકા ઉપસ્થિત થતી હોય જેનો લાભ મેળવવા આરોપીપક્ષ હક્કદાર હોવાનું જણાય છે. જેથી આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવેડલ હોય, ન્યાયના હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

....**હુ ક મ**....

- આ કામના આરોપી ભરતભાઈ કરણાભાઈ ગોજીયા,રહે. સુતારીયા ગામ,મેઈન બજાર ડાબી બાજુ નિશાળ પાસે,તા.ખંભાળીયા, જી.દેવભુમિ દ્વારકાને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એઇ,૯૮(૨), ૧૧૬(બી) હેઠળના ગુનામાંથી **નિર્દોષ** ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા આવે છે.

- હાલના કામે આરોપીએ ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૪૩૭(અ) ની જોગવાઈઓનું પાલન કરવા માટે હાલના કામે અગાઉ આપેલા જામીન અપીલ સમય સુધી કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૭ મી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:-૧૭.૦૮.૨૦૨૬
સ્થળ - વલસાડ.
( બી.એચ.કહાર ગુજ.સ્ટેનો.)

**(જયેશ અરૂણભાઈ દવે)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,વલસાડ.
[કોડ નં. જી.જે.-૦૦૭૧૨]